# સાફલ્ય ગાથા,અમદાવાદ ગ્રામ્ય.

## અઠવાડિક તા.૨૬/૦૬/૨૦૧૭ થી તા.૦૨/૦૭/૨૦૧૭

## પ્રેસનોટ(૧)

**અમદાવાદ ગ્રામ્ય અને શહેરમાં મોબાઇલ ફોનની દૂકાનો તોડી તરખાટ મચાવનાર આસીફ રૂપાલ ગેંગના મુખ્ય સૂત્રધાર સહિત કુલ ૪ સાગરીતોને રૂ.૧૪,૦૦,૦૦૦/- થી વધુના ઓરીઝનલ મુદ્દામાલ સાથે ઝડપિ પાડતિ એલ.સી.બી,અમદાવાદ ગ્રામ્ય**

ગઇ તા.૨૦/૦૫/૨૦૧૭ ની રાતના સમયે બાવળા ખાતેની જય ગાયત્રિ કોમ્યુનિકેશન નામની દૂકાન તથા જલારામ મોબાઇલ અને ન્યુરાજ મોબાઇલ નામની ત્રણ દૂકાનના તાળા તોડી દૂકાનમાં વેચાણ અર્થે રાખેલા અલગ અલગ કંપીનીના મોઘા મોબાઇલ ફોન-૧૯ કી.રૂ. ૧,૫૫,૩૧૮/-ની ચોરીના બનાવ સંબધે બાવળા પો.સ્ટે. ગુન્હો નોધાયેલ જે બનાવની ગંભીરતા ધ્યાને લઇ જીલ્લા પોલીસ વડા શ્રી, આર.વી. અસારી સાહેબશ્રી નાઓએ એલ.સી.બી, પો.ઇન્સ. શ્રી જે.એમ. ચુડાસમા અને એલ.સી.બી. ટીમને ખાસ સૂચના કરેલ તેના ભાગરૂપે પોલીસ સબ ઇન્સપેકટર શ્રી.એસ.એન. રામાણી અને શ્રી.આઇ.એમ. ઝાલા નાઓના નેતૃત્વ હેઠળ બે અલગ-અલગ ટીમો બનાવી એલ.સી.બી, ટીમે ગુન્હાવાળી જગ્યાની વીજીટ કરી , આ એમ.ઓ.થી ચોરી કરતી ગેંગ સંબધે માહિતી એકઠી કરી અભ્યાસ કરતા સ્થાનિક ઇસમોની સંડોવણીના અનુમાન સાથે ચોકકસ દિશામાં ધ્યાન કેન્દ્રિત કરી  ગુન્હો શોધવા કવાયત હાથ ધરેલ તેના ફળસ્વરૂપે ચોક્કસ બાતમી આધારે બાવળા સાંણદ ચોકડી ખાતે વોચ ગોઠવી ભારે જહેમતથી મુખ્ય સૂત્રધાર સહિત કુલ-૦૪ ઇસમોને સાથે ઝડપિ પાડેલ

**આસીફ રૂપાલ ગેંગના મુખ્ય સૂત્રધાર સહિત કુલ ચાર  ઝડપાયા**

(૧) આસીફ ઉર્ફે આસીફ રૂપાલ ઐયુબભાઇ વ્હારા ઉ.વ. ૨૭ રહે. રૂપાલ, દાતારની દરગાહ પાસે તા.બાવળા

(૨) મોઇનભાઇ ઉર્ફે મંડઇ સિદ્દિકભાઇ શેખ ઉ.વ. ૨૫ રહે. જૂની મંડઇ, ખંભાત તા. ખંભાત જી.આંણદ

(૩) શરફરાજ ઉર્ફે શફો બંસીરભાઇ મલેક ઉ.વ. ૨૭ રહે. નગરા તા.ખંભાત જી.આંણદ

(૪) સીદ્દિક ઉર્ફે જગો ફકીરમહમંદ શેરખાન બેલીમ ઉ.વ ૪૦ રહે. મ.ન.૨૩ મહંમદ શોએબ સોસાયટી, સોનલ સીનેમા પાછળ, વેજલપુર, અમદાવાદ

ઉકત ઇસમો પાસેથી અલગ અલગ કંપનીના મોઘા મોફોન નંગ- ૩૨ કિ.રૂ. ૧,૬૩,૯૦૦/- ના મળી આવેલ જે સંબધે કોઇ સંતોષ કારક જવાબ આપેલ નહિ કે તેના માલીકિ આધાર-પુરાવા રજુ કરી શકેલ નહિ જેથી અટકાયત કરી આગવી ઢબે પૂછપરછ કરતા પોતાના અન્ય સાગરીતો સાથે મળી છેલ્લા એક માસ દરમ્યાન અમદાવાદ ગામ્ય, અમદાવાદ શહેરમાં, મોબાઇલ ફોનની દૂકાન, કરીયાણાની દૂકાન, રેડીમેડ કપડાની દૂકાન, બેન્કના એ.ટી.એમ. તેમજ  પશુચોરી વિગેરે દોઢેક ડઝન ચોરીના ગુન્હાને અંજામ આપેલની કેફીયત આપેલ

## રૂ.૧૪,૨૩,૦૦૦/- થી વધુનો મુદ્દામાલ રીકવર

ઉક્ત આરોપીઓની કબૂલાત આધારે OPPO -૮, VIVO-૧૮, SAMSANG-૫૧, MI-૨, INTEX- ૩૯, VODEOCON-૨૪, KARBONN-૯, ITEL-૮, NOKIA- ૧૬, તથા અલગ અલગ કંપનીના – ૩૯ મળી મોબાઇલ ફોન કુલ ૨૧૪ કિ.રૂ. ૯,૨૯,૪૨૦/- તથા રેડીમેઇડ કપડા જીન્સ પેન્ટ-૧૯૦, કોટન પેન્ટ-૭૫, શર્ટ-૧૪૩, ટી શર્ટ-૧૬૬, કી.રૂ.૧,૭૧,૨૦૦/- લેપટોપ-૨ કિ.રૂ.૫૦,૦૦૦/- તથા ગુન્હામાં સંડોવાયેલ મારૂતિ સ્વિફ્ટ જી.જે.૦૧, આર.એન.૪૬૯૬ કી.રૂ. ૨,૫૦,૦૦૦/- મળી કુલ રૂ.૧૪,૨૩,૬૨૦/- નો મુદ્દામાલ રીકવર કરેલ છે.

## દોઢ ડઝન થી વધુ ગુન્હાનો ભેદ ઉકેલાયો

ઉકત ઇસમોએ છેલ્લા એક માસ દરમ્યાન અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના બાવળા, ચાંગોદર તથા અમદાવાદ શહરેના વસ્ત્રાપુર, એલીસબ્રીજ, સેટેલાઇટ, સોલા હાઇકોર્ટ તથા આણદ જીલ્લાના પેટલાદ રૂરલ પો.સ્ટે. વિસ્તારમાં ૧૮ થી વધુ ગુન્હા આચરેલાની કેફીયત આપેલ જેમાં અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના બાવળા પો.સ્ટે.-૧, ચાંગોદર પો.સ્ટે. -૧, તથા અમદાવાદ શહરેના વસ્ત્રાપુર પો.સ્ટે.-૧,એલીસબ્રીજ.પો.સ્ટે.-૧, સેટેલાઇટ પો.સ્ટે.-૧, સોલા હાઇકોર્ટ પો.સ્ટે.-૧, નરોડા પો.સ્ટે.-૧, તથા આણદ જીલ્લાના પેટલાદ રૂરલ પો.સ્ટે. -૧ મળી કુલ – ૮ ઘરફોડ ચોરીના ગુન્હા તેમજ અત્રેના જીલ્લાના ધોળકા રૂરલ-૧, આંણદ જીલ્લાના ભાલેજ-૧, તથા બોરસદ-૨ મળી કુલ્લ – ૪ ઢોર ચોરીના મળી કુલ-૧૨ ગુન્હા નોધાયેલાની હકિકત હાલ સુધિ પ્રાપ્ત થયેલ છે. જેમાં નરોડા એક્સીસ બેન્કના એ.ટી.એમ. તથા પેટલાદના એ.ટી.એમ. કોર્પોરેસશન બેન્કના એ.ટી.એમ. અને સોલા હાઇકોર્ટના રેડીમેન્ડ કપડાની ચોરીના ગુન્હાનો સમાવેશ થાય છે.

## આંણદ જીલ્લાના ૧૮ થી વધુ ગુન્હામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

ઉકત આરોપીઓ પૈકિ મુખ્ય સૂત્રધાર આસીફ ઉર્ફે આસીફ રૂપાલ ઐયુબભાઇ વ્હોરા આંણદ જીલ્લામાં પશુચોરીના ૧૮ થી વધુ ગુન્હામાં ઘણા લાબા સમયથી નાસતો ફરતો હોવાની હકિકત જાણવા મળેલ છે.

## આરોપીનો ગુન્હા હિત ઇતિહાસ

આરોપીઓ પૈકિ મૂખ્ય સૂત્રધાર આસીફ ઉર્ફે આસીફ રૂપાલ ઐયુબભાઇ વ્હોરા બાવળા ખાતે એ.ટી.એમ.તોડવાની કોશીષ તથા આંણદ જીલ્લામાં આઇસરમાંથી તેલના ડબ્બાની ચોરી પશુચોરી, તથા એ.ટી.એમ. ચોરીના મળી સંખ્યાબંધ ગુન્હામાં સંડોવાયેલ છે.



## પ્રેસનોટ(૨)

**સનાથલ સર્કલ પાસેથી રૂ.૪૧,૯૦,૪૦૦/- વિદેશી દારૂના મોટો જથ્થા સાથે કન્ટેનર સાથે બે આરોપીને ઝડપી પાડતી એલ.સી.બી. તથા એસ.ઓ.જી. શાખા અમદાવાદ ગ્રામ્ય**

તાજેતરમાં રથયાત્રા તથા રમઝાન ઇદનો તહેવાર હોય અને જીલ્લામાં રથયાત્રા તથા રમઝાન ઇદના તહેવાર શાંતીપુર્ણ વાતાવરણમાં ઉજવાય અને જીલ્લા કાર્યક્ષેત્ર વિસ્તારમાં કોઇ અનિચ્છનિય બનાવ ન બનવા પામે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી યોગ્ય રીતે થાય અને ભુતકાળમાં ગુન્હાઓ કરી નાસતાં ફરતાં આરોપી તથા અસામાજીક પ્રવૃતીઓ આચરતા ઇસમો ઉપર વોચ વીજીલન્સ રાખી કડક હાથે કામગીરી કરવા અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક શ્રી આર.વી.અસારી સાહેબ નાઓએ એસ.ઓ.જી. શાખાના પો.સ.ઇ. શ્રી વી.એમ.કોલાદરા તથા એલ.સી.બી. શાખાના પો.સ.ઇ. એસ.એન.રામાણી નાઓને સુચના કરેલ હોય જે આધારે એસ.ઓ.જી. પો.સ.ઇ. તથા એલ.સી.બી. પો.સ.ઇ. તથા બંને શાખાના પોલીસના માણસો રમઝાન ઇદ નીમીતે પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન ખાનગી રાહે આધારભુત માહિતી મળેલ કે, કંટેનર નંબર જી.જે.૦૧ ડી.ઝેડ. ૭૫૪૮ જેના ઉપર ઓમ લોજીસ્ટીક લીમીટેડ લખેલ છે તે ટ્રકમાં ગે.કા. પરપ્રાંતની બનાવટનો વિદેશીદારૂનો જથ્થો ભરી અસલાલી તરફથી શાંતીપુરા સર્કલ તરફ જનાર છે જે આધારે સનાથલ રેલ્વે ફાટક પાસે વોચમાં રહેલા અને વોચ દરમ્યાન બાતમી હકીકત વાળુ કંટેનર અસલાલી તરફથી આવતાં તેને રોકવા જતાં તેના ડ્રાઇવરે ટ્રક પોલીસથી થોડે દુર ઉભો રાખી ભાગવા જતાં તેઓનો પીછો કરી પકડી પાડેલ અને કંટેનરના પાછળના દરવાજાનુ પ્લાસ્ટીકનુ શીલ તોડી દરવાજો ખોલી કંટેનરમાં તપાસ કરતાં બોડીના ભાગે અલગ – અલગ બનાવટનો પરપ્રાંતની બનાવટનો વિદેશી દારૂનો જથ્થો (પેટીઓ) ભરેલ હતી જેમાં સીગ્રામ્સ ઇમ્પીરીયલ બ્લુ ઓથેન્ટીક ગ્રેઇન વ્હિસ્કી ઇંગલીશદારૂની ૪૫ પેટીઓ કિ.રૂ.૨,૭૦,૦૦૦/- તથા એપીસોડ ક્લાસીક વ્હિસ્કી ઇંગલીશદારૂની ૯૮ પેટીઓ કિ.રૂ.૫,૮૮,૦૦૦/- તથા રોયલ સ્ટેગ ક્લાસીક વ્હિસ્કી ઇંગલીશદારૂની ૨૦ પેટીઓ કિ.રૂ.૧,૨૦,૦૦૦/- તથા રોયલ ચેલેન્જ ગોલ્ડ વ્હિસ્કી ઇંગલીશદારૂની ૩૦ પેટીઓ કિ.રૂ.૧,૮૦,૦૦૦/- તથા રોયલ સ્ટાઇલ વ્હિસ્કી ઇંગલીશદારૂની ૧૫૨ પેટીઓ કિ.રૂ.૯,૧૨,૦૦૦/- તથા રોયલ સ્ટાઇલ જીન ઇંગલીશદારૂની ૧૯૭ પેટીઓ કિ.રૂ.૧૧,૮૨,૦૦૦/- તથા એન.વી. ગૃપ બેયસ્ટો વ્હિસ્કી ૧૮૦ મી.લી.ની ઇંગલીશદારૂની ૧૫૭ પેટીઓ કિ.રૂ.૭,૫૩,૬૦૦/- તથા હેવર્ડ ૫૦૦૦ સ્ટ્રોંગ બીયર ટીનની – ૭૭ પેટીઓ કિ.રૂ.૧,૮૪,૮૦૦/- તથા અશોક લેલન્ડ ટ્રક કંટેનર નંબર જી.જે.૦૧ ડી.ઝેડ. ૭૫૪૮ કિ.રૂ.૨૦,૦૦,૦૦૦/- તથા આરોપીની અંગજડતીમાંથી એક મોબાઇલ મળી આવેલ જેની કિ.રૂ.૫૦૦/- મળી કુલ વિદેશીદારૂની પેટીઓ નંગ – ૭૭૬ કુલ બોટલ નંગ – ૧૫૮૮૮ તથા વિદેશી દારૂની કુલ કિ.રૂ.૪૧,૯૦,૪૦૦/- તથા અશોક લેલન્ડ ટ્રક કંટેનરની કિ.રૂ.૨૦,૦૦,૦૦૦/- મળી કુલ મુદામાલ કિ.રૂ. ૬૧,૯૦,૯૦૦/- ના મુદામાલ સાથે ડ્રાઇવર આરોપી નરેશકુમાર એસ/ઓ સજ્જનસીંગ જાટ ઉ.વ.૨૫ રહે.સીડાણ તા.તોસામ જી.ભીવાની હરીયાણા તથા સુનિલ રાજકુમાર શર્મા ઉ.વ. ૨૬ રહે. મલશીશર તા.અલશીશર જી.ઝુન્ઝુનુ રાજ્ય રાજસ્થાન વાળાને ઉપરોક્ત મુદામાલ સાથે પકડી પાડેલ હોય આરોપી વિરૂધ્ધમાં ચાંગોદર પો.સ્ટે. ગુન્હો રજી. કરાવવામાં આવેલ છે. અને આ માલ કોને પહોંચાડવાનો હતો તે બાબતે આગળની વધુ તપાસ ચાલુ છે.

| | |
|---|---|
| પકડાયેલ આરોપી :- | (૧) નરેશકુમાર એસ/ઓ સજ્જનસીંગ જાટ ઉ.વ.૨૫ રહે.સીડાણ તા.તોસામ જી.ભીવાની હરીયાણા<br>(૨) સુનિલ રાજકુમાર શર્મા ઉ.વ. ૨૬ રહે. મલશીશર તા.અલશીશર જી.ઝુન્ઝુનુ રાજ્ય રાજસ્થાન |
| પકડાયેલ મુદામાલ :- | (૧) સીગ્રામ્સ ઇમ્પીરીયલ બ્લુ ઓથેન્ટીક ગ્રેઇન વ્હિસ્કી ઇંગલીશદારૂની ૪૫ પેટીઓ બોટલ નંગ – ૫૪૦ કિ.રૂ.૨,૭૦,૦૦૦/-<br>(૨) એપીસોડ ક્લાસીક વ્હિસ્કી ઇંગલીશદારૂની ૯૮ પેટીઓ બોટલ નંગ – ૧૧૭૬ કિ.રૂ.૫,૮૮,૦૦૦/-<br>(૩) રોયલ સ્ટેગ ક્લાસીક વ્હિસ્કી ઇંગલીશદારૂની ૨૦ પેટીઓ બોટલ નંગ – ૨૪૦ કિ.રૂ.૧,૨૦,૦૦૦/-<br>(૪) રોયલ ચેલેન્જ ગોલ્ડ વ્હિસ્કી ઇંગલીશદારૂની ૩૦ પેટીઓ બોટલ નંગ – ૩૬૦ કિ.રૂ.૧,૮૦,૦૦૦/-<br>(૫) રોયલ સ્ટાઇલ વ્હિસ્કી ઇંગલીશદારૂની ૧૫૨ પેટીઓ બોટલ નંગ – ૧૮૨૪ કિ.રૂ.૯,૧૨,૦૦૦/-<br>(૬) રોયલ સ્ટાઇલ જીન ઇંગલીશદારૂની ૧૯૭ બોટલ નંગ – ૨૩૬૪ પેટીઓ કિ.રૂ.૧૧,૮૨,૦૦૦/-<br>(૭) એન.વી. ગૃપ બેયસ્ટો વ્હિસ્કી ૧૮૦ મી.લી.ની ઇંગલીશદારૂની ૧૫૭ પેટીઓ બોટલ નંગ – ૭૫૩૬ કિ.રૂ.૭,૫૩,૬૦૦/-<br>(૮) હેવર્ડ ૫૦૦૦ સ્ટ્રોંગ બીયર ટીનની – ૭૭ પેટીઓ ટીન નંગ – ૧૮૪૮ કિ.રૂ.૧,૮૪,૮૦૦/-<br>(૯) અશોક લેલન્ડ ટ્રક કંટેનર નંબર જી.જે.૦૧ ડી.ઝેડ. ૭૫૪૮ કિ.રૂ.૨૦,૦૦,૦૦૦/-<br>(૯) મોબાઇલ ફોન કિ.રૂ.૫૦૦/-<br>કુલ કિ.રૂ. ૬૧,૯૦,૯૦૦/- |




.



આમ અમદાવાદ જીલ્લા એલ.સી.બી..ધ્વારા સદરી વીક દરમ્યાન ઉકત સારી અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.

(આર.વી.અસારી)
પોલીસ અધિક્ષક
અમદાવાદ ગ્રામ્ય,અમદાવાદ